BAOU Education for All

डॉ. बाबसाहेब आंबेडकर ओपन यूनिवर्सिटी

(गुजरात सरकार द्वारा स्थापित)

Proceedings of the National Conference

on

“Research in Indian History and Indian History in Research”

“भारतीय इतिहास में अनुसंधान

और

अनुसंधान में भारतीय इतिहास”

Organized by

School of Humanities and Social Sciences,
Department of History
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

 ISBN : 978-93-89909-08-1

ગુજરાતના વડાગામમાં અંત્યપાષાણ કાલીન આદિમાનવોના અવશેષો

કુમારપાળ ભાનુભાઈ પરમાર, સંશોધન અભ્યાસી (પીએચ.ડી.), ઈતિહાસ વિભાગ, સાબરમતી યુનિવર્સિટી, અમદાવાદ

ભારત અને વિદેશના વાતાવરણમાં જે ફેરફારો થયા તેના છેલ્લા તબક્કાને ભુસ્તરશાસ્ત્રમાં હોલોકેન પિરિયડ - Holocene Period કહેવામાં આવે છે. ઐતિહાસિકતા માટે જાણીતું ભારતની પશ્ચિમ દિશાએ આવેલ ગુજરાત રાજ્યમાં આ વાતાવરણના ફેરફારોને લીધે અંત્યપાષાણયુગની સંક્રાન્તિકાળની સંસ્કૃતિ અસ્તિત્વમાં આવી અને વિકસી. તેમાંથી અંતે ગ્રામ્ય સંસ્કૃતિઓનો જન્મ થયો તે સમજવા માટે ગુજરાતનાં મુખ્ય પર્યાવરણીય ઘટકો કાર્ય કરતા હતા. પ્રાગઐતિહાસિક યુગમાં માનવ જંગલી અવસ્થામાં હતો. આ પ્રાગઐતિહાસિકના માનવ પથ્થરના ઓજારો અને હથિયારોનો ઉપયોગ કરતો હતો, તે યુગોને પથ્થરયુગ કહેવાય છે. આ પથ્થયુગના અંતિમ તબક્કાઃ અંત્યપાષાણયુગ - Mesolithic Age માં માનવ પ્રારંભીક ખેતી, પશુપાલન અને સ્થાયી જીવન જીવતો થયો હતો. આ આદિમાનવના સ્થાયી જીવનને લગતી વડાગામ એક મેઝોલીથીક સાઈટ છે. જેની મુલાકાત દરમિયાન ઈતિહાસના વિદ્યાર્થી તરીકે હરખનો પાર ન પમાય તેવા સ્થળ જોવાનું સૌભાગ્ય મળ્યું. જેની લગતી વિષેશ નોંધ અર્થે આ સંશોધનપત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

૧. રેતીના ટેકરા - સેંડ ડ્યુન

સેકડો વર્ષ પહેલા હોલોકેન પિરિયડમાં હવામાન સુકુ હતું તે દરમિયાન દરિયાની રેતી ઊઠવા લાગી અને તેનાં ટેકરાં બંધાયા, પરંતુ જ્યારે હવામાન ભેજવાળું થયું ત્યારે રેતી ઉડતી બંધ થઈ અને તે સ્થિર થઈ ગયા. વરસાદી વાતાવરણ અને વનસ્પતિ ઊગવાને કારણે રેતીના ટેકરા તૈયાર થયા હતા. આ રેતીના ટેકરાને ઈતિહાસની ભાષામાં સેંડ ડ્યુન- sand dune (Foote,1898) કહેવામાં આવે છે. આવા સેંડ ડ્યુનને ઓળખવા સરળ છે, તે દરિયાઈ માટીથી તૈયાર થયેલ હોઈ, જીણી જીણી માટીથી તૈયાર થયેલા હોઈ, તેને હાથથી પડકવા જતા રેતી હાથમાં આવી જતી હોય છે, ટુંકમાં તે માટીના ઢેફાના રૂપમાં નહિ બલ્કી રેતીના જેરાના રૂપમાં હાથમાં આવે છે. તેમાં નાના શંખ માટી સાથે ઉડીને આવેલા જોવા મળે છે. ખાસ કરીને આ સેંડ ડ્યુન નદીકાંઠા વિસ્તારોમાં વધુ હોય છે ઉપરાંત આવા રેતીના ટેકરાઓની વચ્ચે છીછરા તળાવો પણ જોવા મળતા હોય છે. સેંડ ડ્યુનની ઉપરની પરત પર્યાવણીય ફેરફારો અને વનસ્પતિના કારણે સખત જોવા મળે છે, જ્યારે નીચે રેતી જ હોય છે. આવી જ રીતે, ઉત્તર ગુજરાતમાં વિશિષ્ટ પ્રકારનાં રેતીના આ ટેકરાઓ અસ્તિત્વમાં આવ્યા, જેણે આજે પણ પોતાનું અસ્તિત્વ જાળવી રાખ્યું છે. આવા સેંડ ડ્યુન્સ ઉપર આદિમાનવો વસવાટ કરતા હતા. વડાગામમાં આવા મોટા મોટા સેંડ ડ્યુન્સ જોવા મળે છે (Pandya, 2009). ત્યાંથી ઈ.સ. પૂર્વે ૯૦૦૦ થી ઈ.સ.પૂર્વે ૪૦૦૦ના અંત્યપાષાણકાળના માનવ તથા પ્રાણીના અસ્તિપીજરો, પથ્થરના ઓજારો તથા હથિયારો, માટીના વાસણો, વગેરે પ્રાપ્ત થાય છે.

૨. વડાગામની મેઝોલીથીક સાઈટ

છબીર: સેંડ ડ્યનમાંની

 ISBN : 978-93-89909-08-1

છબી ૧: સેંડ ડ્યુનમાંની કોતરો, વડાગામ

વડાગામ એ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જીલ્લાના ધનસુરા તાલુકામાં આવેલું એક ગામ છે. જે તાલુકા પ્લેસથી ૮ કિમી.ના અંતરે આવેલું છે (પટેલ,૧૯૯૨). વડાગામમાં સરકારશ્રી દ્વારા ચલાવાતી આઈ.ટી.આઈ ની પાછળથી માઝુમ નદી ગુજરે છે. આ માઝુમ નદીના ડાંબા અને જમણા કાંઠે, આગળ જોયુ તે પ્રમાણેના નાના મોટા ઘણાં સેંડ ડ્યુન જોવા મળે છે (છબિઃ ૧). આ સેંડ ડ્યુન્સ લગભગ ૩૦ કિમી.ના વિસ્તારમાં ફેલાયેલા છે. તેની સપાટી પર આજે પણ અંત્યપાષાણકાળના અવશેષો પ્રાપ્ત થયા છે. જેમાં પથ્થરના ઓજારો, માનવ તેમજ પ્રાણીના અસ્તિપીજરો, માટીના વાસણોના ઠીકરા, પ્રાચીન વનસ્પતિના અવશેષો પ્રાપ્ત થાય છે. વરસાદી વાતાવરણમાં આ સેંડ ડ્યુન પરની જમીનમાં ધોવાણથી કોતરો પડતી હોય છે. આ કોતરોની વચ્ચે આજે પણ અંત્યપાષાણયુગીન આદિમાનવના અવશેષો (છબિઃ ૨)સ્પષ્ટપણે જોઈ શકાય છે (**एडमिन**, 2019).

૩. અંત્યપાષાણયુગનો સંક્રાન્તિકાળ

પાષાણયુગોમાં વિવિધકાળ છે તેમાં જે છેલ્લો કાળ એટલે અંત્યપાષાણયુગ. અંગ્રેજીમાં મેઝોલીથીક એજ - Mesolithic Age. અંત્યપાષાણયુગના છેલ્લા તબક્કાને અંત્યપાષાણયુગના સંક્રાન્તિકાળનો તબક્કો કહેવામાં આવે છે. આ તબક્કાની વ્યાખ્યા આપતા વિદ્વાનો જણાવે છે કે અહિંથી જ પાષાણયુગોનાં અંત સાથે એક નવા યુગની શરૂઆત થાય છે (Pandya, 2018). અહિંથી જ હવે રહેણાંકની પસંદગી, અર્થવ્યવસ્થા, પ્રાથમિક કક્ષાના હુન્નરો જેવા કે માટીના વાસણો તથા ઓજારો માટે કાચા માલની પસંદગી, પ્રાથમિક કક્ષાની ખેતી તથા મૃતદેહના નિકાસની વિશિષ્ટ પ્રથાઓ શરૂ થાય છે. બીજું, આ કાળને સંક્રાન્તિકાળનો તબક્કો એટલે કહેવામાં આવે છે કે તેના ઓજારો અત્યંત નાના- લઘુ છે તથા તે ખાસ પ્રકારના ચીકણા પથ્થરોમાંથી ઘડવામાં આવે છે. આ ખાસ પથ્થરોમાં ચર્ટ, જાસ્પર, ચર્ટી જાસ્પર, લિમોનોટાઈઝ ચર્ટ, કોર્ડઝાઈટ, હોન બ્લેડ સીસ્ટ, વગેરે જોવા મળે છે (Pandya et al, 1990). ઉપરાંત આ ઓજારો સંયુક્ત રીતે પણ વાપરી શકાતા હતા. હવે વડાગામમાં સ્થળતપાસ માટે સંશોધન પ્રવાસો દરમિયાન મળેલ અવશેષોની વિગત વિષે જાણીએ.

૪. વડાગામ અને અંત્યપાષાણયુગનો સંક્રાન્તિકાળના પુરાવાઓ

પીઅચ.ડી.ના અભ્યાસના ભાગરૂપે ગુજરાતમાં અંત્યપાષાણયુગના સ્થળોની શોધમાં ધનસુરા નજીક આવેલા વડાગામની મુલાકાત લેવાની થઈ. ગામના આઈ.ટી.આઈ. ની પાછળ અંત્યપાષાણયુગના સંક્રાન્તિકાળનું સ્થળ શોધી કાઢેલ છે. અહિં આગળ જોયુ એમ સેકડો વર્ષ પહેલા સુકા હવામાન, વરસાદી વાતાવરણ અને વનસ્પતિથી તૈયાર થયેલા સેંડ ડ્યુન્સ મળ્યા. આ સેંડ ડ્યુન ઉપર આદિમાનવો વસવાટ કરતા હતા. વડાગામમાં આવા મોટા મોટા સેંડ ડ્યુન્સ જોવા મળે છે. ત્યાંથી ૯૦૦૦ ઇ.સ. પૂર્વે થી ૪૦૦૦ ઇ.સ.પૂર્વેના અંત્યપાષાણ કાળના માનવ તથા પ્રાણીના અસ્તિપીજરો, પથ્થરના ઓજારો તથા હથિયારો, માટીના વાસણો, વગેરે પ્રાપ્ત થાય છે.

આગળ જોયુ તેમ અંત્યપાષાણયુગમાં માનવ પ્રારંભીક ખેતી, પશુપાલન અને સ્થાયી જીવન જીવતો

૨

છબિ ૩: પથ્થરના ઓજારો, વડાગામ

 ISBN : 978-93-89909-08-1

હતો. વડાગામ એ એવું સ્થાયી જીવન જીવતા આદિમાનવને લગતી એક મેઝોલીથીક સાઈટ છે. અહિંથી અંત્યપાષાણયુગના સેકડો પુરાવાઓ આજે પણ અસ્તિત્વ ધરાવે છે. અહિંથી આદિમાનવ દ્વારા તૈયાર કરાયેલા પથ્થરોના ઓજારોમાં સ્ક્રેપર, પોઈન્ટ્સ, બ્લેડ્સ, કોર, ક્નીવ્સ, ચીસલ, વગેરે ચર્ટ, જાસ્પર, ચર્ટી જાસ્પર, વગેરે જેવા પથ્થરોથી તૈયાર કરાયેલા જોવા મળે છે (છબિઃ ૩).

ઉપરાંત આદિમાનવે શેકીને ખાધેલા પ્રાણીના હાંડકાના આવશેષો(છબિઃ ૪) વિષેશરૂપે પ્રાપ્ત થાય છે, ઉપર છબિમાં હાંડકુ બળેલું હોય તેમ સ્પષ્ટપણે જોઈ શકાય છે. બીજુ, ઘણાં અવશેષો માટીમાં ડટાયેલા છે (છબિઃ ૫).

છબિ ૫: માટીમાં

છબિ ૪: આદિમાનવે શેકીને

આમ, વડાગામમાંથી મળી આવતા ઉપર જોઈ ગયા તેમ અનેક પોરાવાઓ પ્રાપ્ત થતાં તે પ્રદેશ આદિમાનવનો અથવા હજારો વર્ષ પૂર્વેનો જોવા મળે છે. બીજુ, ગુજરાત સિંધુ ખીણ સંસ્કૃતિ જ નહિ પણ એથીય પહેલાના આદિમાનવોના અવશોષો પોતાના ગર્ભમાં ધરાવે છે. આજના યુગમાં ઘણી યુનિવર્સિટીઓ દ્વારા ઈતિહાસ, પુરાતત્વ, જીઓલોજી, વગેરેના અભ્યાસક્રમના ભાગરૂપે વિદ્યાર્થીને આ સ્થળની મુલાકાત કરાવવી જોઈએ અને સ્થળ પર જ તેઓને લાઈવ એજ્યુકેશન આપવું જોઈએ, જેથી વિદ્યાર્થી સરળતા સમજી શકે.

સંદર્ભગ્રંથોઃ

પટેલ, ભગવાનદાસ, ૧૯૯૨, *ખેડબ્રહ્મા તાલુકાની પ્રાગ-ઐતિહાસિક સંસ્કૃતિઓ*, અમદાવાદઃ ગુજરાત વિદ્યાપીઠ

एडमिन, वेब, 2019 "वाडागाम, गुजरात से प्राप्त हुए है अंत्यपाषाणयुग के अवशेष", वाडागाम: 5 दरिया न्यूज

Foote,Bruce R., 1898, The Geology of Baroda State, Madras: The Gaekwar

Pandya,Suman, M.V. Desai, S.B. Makwana, 1990, Excavations at Dhansura-I: A Preliminary Announcement in Man and Environment, XV (2), Pune: ISPQUS, Deccan College

Pandya, Suman, 2009, Mesolithic Settlements of Dhansuraa Pradesh: Beginning of Agrculture in Recent Research Trend in South Asian Archaeologist Proceedings of the Prof. H.D. Sankdia Birth Centenary Seminar, 10-12, Dec.2007, eds. K. Paddaya, P.P. Joglekar, Kishor K Basa and Reshma Savant, Pune: Post Graduate and Research Centre, Deccan College

Pandya, Suman, 2018, Mesolithic Settlements near Vadaagaam, District: Arvalli,

 ISBN : 978-93-89909-08-1

Gujarat in New Horizon in Indology, eds. Prof. Bharati Shelat and Prof. Thomas Parma, Shri. Nandan Shastri, Ahmedabad.

BAOU
Education for All

યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad
'Jyotirmay' Parisar, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad
www.baou.edu.in